RNI No. GUJGUJ/2002/14341
POST Reg. No. G/Sen/253/2024 TO 2026
Follows on : YouTube

No. GUJGUJ 10276/06/1/2002 - TC
Date of Publication : 10th January - 2024
POST AT RMS SURENDRANAGAR

અંક નં. ૧ પેઈજ – ૧૬
વર્ષ – ૨૦
માહે – જાન્યુઆરી–૨૦૨૪
વાર્ષિક લવાજમ રૂા. ૫૦–૦૦
છુટક નકલ રૂા. ૨–૦૦
મો. ૮૭૫૮૬ ૭૧૮૬૩, ૭૬૯૮૭ ૪૩૦૯૩
મો. ૭૦૯૬૬ ૦૯૯૧૫

# વૃક્ષ

તંત્રી : મુક્તાબેન પી. ડગલી
સહતંત્રી : ગૌતમભાઈ ગોલ

માસીક પત્રિકા
VRAKSH

ઓફીસ :
મુક્તાબેન પી. ડગલી
સી. યુ. શાહ
પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ,
દાદા ભગવાનના મંદિર પાછળ,
જલારામ પેટ્રોલ પંપ સામે,
મુળી રોડ, સુરેન્દ્રનગર–૩૬૩ ૦૨૦.
P. BOX No. 18

www.pragnachakshu.com
E-mail : pragnachakshu@gmail.com

PRINTED & PUBLISHED BY MUKTABEN P. DAGALI ON BEHALF OF MUKTABEN P. DAGLI,
PRINTED BY MAHALAXMI PRINTING PRESS, NR. GATE FATAK, SURENDRANAGAR, PUBLISHED FROM
PRAGNA CHAKSHU MAHILA SEVA KUNJ, OPP. JALARAM PETROL PUMP, MULI ROAD, SURENDRANAGAR.



અમદાવાદ ખાતે નવનિર્માણ પામનાર ઇમારતો માટે જે પ્રવીણચંન્દ્ર આત્મારામ શાહ તરફથી જમીન મળેલ છે તેના શિલાન્યાસ પ્રસંગે યોજેલ ક્લાસીક સ્ટીલના સૌજન્ય અંધકન્યાઓના લગ્નોત્સવની ઉપસ્થિત સદ્‌ગ્રહસ્થોએ આપેલ નવ દંપતિઓને આશિર્વાદની ઝલક

# સી. યુ. શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ – સુરેન્દ્રનગર

આયોજીત

## ૨૯ મો લગ્નોત્સવ

### સ્પર્ધા, સન્માન, સંબંધ વિશેષાંક

Sponsored by
Classic STEELS®
MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)

સ્થળ : સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ
દાદા ભગવાન મંદિર પાસે, જલારામ પેટ્રોલ પંપ સામે,
મુળી રોડ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૨૦
ફોન નં :- ૭૦૯૬૬૦૯૯૧૫, ૮૭૫૮૬૭૧૮૬૩, ૭૬૯૮૭૪૩૦૯૩

Sponsored by
Classic STEELS MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)

## :: સંસ્થાની પ્રવૃત્તિ વિશે નીચે મુજબના કોન્ટેક એડ્રેસ ::

**(૧) મુંબઈ : શ્રી નવીનભાઈ એ. મણિયાર (પ્રમુખ)**
C. U. Shah Pragnachakshu Mahila Seva Kunj
C/o. Shah & Shah Associates
A-Block, Wankhede Stadium,
Next to Shashi Prabhu Office, D-Road,
Churchgate, Mumbai - 400 020
Office. 7045945495
Mo. 09323398610 - Navinbhai Maniar

**(૩) ડૉ. કે. એલ. મહેતા (ઉપપ્રમુખ શ્રી)**
કોરોના રેમેડીઝ પ્રા.લી. સી-મોન્ડીલ પાર્ક,
ગુરૂદ્વારા પાસે, એસ. જી. હાઈવે, થલતેજ, અમદાવાદ

**(૫) સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ**
સુરેન્દ્રનગર સંચાલિત રાષ્ટ્રીય સેવા મંડળ
મોરબી પ્રજ્ઞાચક્ષુ પુનર્વસન કેન્દ્ર, મુ. લક્ષ્મીનગર,
પોસ્ટ-ભરતનગર, માળિયા હાઈવે, મોરબી, જી. મોરબી.
મો. ૯૪૨૯૯ ૭૮૯૩૦ - હાતીમભાઈ રંગવાલા

**(૨) સુરેન્દ્રનગર કુરીયર માટેનું સરનામું**
**શ્રી મહેશભાઈ વી. શાહ (ટ્રસ્ટી શ્રી)**
C/o. આશીર્વાદ શુટીંગ શર્ટીંગ એન્ડ યુનિફોર્મ,
રામબાણ મેડીકલ સામે, માઈ મંદિર રોડ, સુરેન્દ્રનગર.
મો. ૯૩૭૭૭ ૯૫૧૮૨

**(૪) ઉચ્ચ અભ્યાસ અંધ વિદ્યાર્થી છાત્રાલય**
ઠાકોર વાસ, મિલેનીયમ સોસાયટી પાસે, પ્રહલાદભાઈ
ઠાકોરના મકાનમાં, મુ. ઝુંડાલ, મહેસાણા રોડ, અમદાવાદ.
મો. ૯૪૦૯૦ ૬૯૩૬૬ - ભગવાનભાઈ

**(૬) ડૉ. ગોપાલજી મણશી ભીમશી છાડવા પ્રજ્ઞાચક્ષુ પુનર્વસન કેન્દ્ર**
શાંતિવન સોસાયટી, રાંદલ માતાના મંદિર પાસે,
સોળસુંબા, ઉમરગામ (ઈસ્ટ), જી. વલસાડ
ઓફીસ - મો. ૭૨૦૨૦ ૬૮૮૧૯

**(૭) હરૂભાઈ બાટવીયા (પ્રતીનિધી)**
પોસ્ટલ સોસાયટી, દત્ત મંદિર પાછળ, ચીતલ રોડ,
અમરેલી. ફોન - ૬૩૫૧૨ ૯૨૧૩૭

**ભારતમાં વસતા દાતાઓ આ એકાઉન્ટમાં નાણાં જમા કરાવી શકે છે.**
80G Bank of Baroda - Surendranagar
A/c. Name : C. U. Shah Pragnachakshu Mahila Seva Kunj
A/c. No. : 03710100036730 IFSC Code : BARB0SUREND

ઉપરના એકાઉન્ટમાં નાણાં જમા કરાવી ટેલીફોનથી જાણ કરવી, જમા કરાવ્યાની સ્લીપ તથા સ્ક્રીન સોટ વોટ્સેપ નં. ૭૦૯૬૬૦૯૯૧૫ માં મોકલવો.



## સંસ્થાના શિરતાજ પ્રમુખશ્રી નવિનભાઇ મણીયારનું હાર્દિક નિમંત્રણ

**સ્નેહી દાતાઓ, સદ્‌ગ્રહસ્થો, વડીલો, યુવાનો અને વ્હાલા વાચક મિત્રો,**

**પ્રસંગો માનવીને હૃદયના ભાવો ઠાલવવાની તક આપે છે. જીવનની સંગે પ્રસંગનો સંગ ન હોય તો જીવન શુષ્ક બની જાય છે. આંગણે આવેલા અતિથીને આવકાર આંગણામાં પ્રવેશે છે ત્યારે મળે છે. પણ પ્રસંગોપાત આપણે જેમને બોલાવવા ઇચ્છીએ છીએ તેમને તો આપણે આકર્ષક રંગબેરંગી કાગળોમાં અંતરથી ઉભરાયેલા ભાવોને અક્ષરોની સહાયથી શબ્દોમાં ગુંથીને કંડારીએ છીએ. કંડારેલા ભાવોને કવરમાં બીડી આપણે આપણા સ્વજન સુધી પહોચાડીએ છીએ. એટલે પત્રિકા પ્રાપ્ત કરતા જ સ્વજનોના આનંદની શરૂઆત થાય છે. અને જ્યારે સ્વજનો આપણા આંગણે આવે ત્યારે તેમનો આનંદ ચરમસીમા વટાવી જાય છે. પ્રસંગની પૂર્ણતા અતિથીઓના આગમનમાં સમાયેલી છે. ઉજ્જડ ગામમાં ઢોલ વાગે તેની કોઇ કિંમત નથી પણ સ્વજનોની ઉપસ્થિતીમાં વાગતા ઢોલના ઢબકારા માનવ મહેરામણના ધબકારાને વધારી ન દે તો પ્રસંગ અધુરો ગણાય.**

**છેલ્લા ચાર વર્ષથી શ્રી કાંતિલાલ પ્રેમજી મારૂ (ગીજુભાઇ) કારાઘોઘા (કચ્છ) હાલ. માટુંગા, મુંબઇ ક્લાસીક સ્ટીલ તરફથી લગ્નોત્સવ જેવા મહામુલા પ્રસંગો યોજાઇ ગયા. આ વખતનો લગ્નોત્સવ પણ શ્રી કાંતીલાલ પ્રેમજીભાઇ મારૂ ક્લાસીક સ્ટીલએ સ્વીકારીને નેત્રહીન બાળાઓને અનોખું વાત્સલ્યદાન આપવાનો નિર્ણય કર્યો છે. કાંતીભાઇ નું નામ તેજનું સુચક છે. પ્રેમજીભાઇનું નામ અનોખી લાગણીનું સુચક છે. મારૂનો અર્થ મારાપણાનો સુચક છે અને ગીજુભાઇ નો અર્થ મોટા ગજાનું સુચક છે. આ લોકો કારાઘોઘા કચ્છના વતની અને હાલ માટુંગામાં વસે છે. તેઓ જગતને પોતાનુ માનતા હોય અને પ્રભુએ તેમને ખુબ રીધ્ધી સિધ્ધી આપી હોય તેઓ અગણીત કન્યાઓને પરણાવીને પુન્યનુ ભાથુ બાધી ચુક્યાં છે. ૨૦૨૪ ના વર્ષે તેઓ અંધકન્યાઓને પરણાવીને તેમના ભેગા થયેલા અનોખા પુન્યમાં વધારો કરનાર છે. દ્રષ્ટીવાળાને પરણાવનારા લોકો ઘણા છે. પણ દ્રષ્ટીહિનોના**

સમુહલગ્ન માટે સંપૂર્ણ દાન આપ્યુ હોય તેવી ઘટના સમગ્ર ભારત વર્ષમાં સૌ પ્રથમવાર ઘટી રહી છે. શ્રી ગીજુભાઇએ બંધ નયનની બાળાઓને પોતાના હૃદયમાં સમાવી તેના જીવનને અંધયુવકોના જીવન સાથે જોડવા માટેની અનોખી પહેલ કરી છે. વાસ્તવમાં શ્રી ગીજુભાઇ ગજાદાર માનવી છે અને તેથી તેમને પોતાના ગજાનો સદ્ઉપયોગ કરી નેત્રહીન બાળાઓને આનંદીત કરવાનું બીડું ઝડપ્યુ છે. ભુતકાળમાં ચાર સમુહ લગ્નોત્સવનું સંપૂર્ણ માતબર દાન આપનાર શ્રી ગીજુભાઇએ પાંચમી વખત પહેલ કરીને મમત્વનુ મોજુ વહેતુ રાખ્યુ છે. તેમના આ સેવા સાહસને બિરદાવવા માટે શબ્દો ઓછા પડે તેમ છે. તેમના સાહસને સદ્ભાવપૂર્ણ સાહસ કહી શકાય. ગીજુભાઇના સાહસમાં નિસ્વાર્થપણાના દર્શન થાય છે. ગીજુભાઇ ખરેખર અંધ કન્યાઓના ગોવિંદ બન્યા છે. જેમ નરસિંહ મહેતાની લાજ સામળીયાએ રાખી હતી તેમ ગીજુભાઇએ પણ સતત ચોથી વખત લગ્નોત્સવનું સૌજન્ય સ્વીકારીને અમારી સંસ્થાના સ્થાપક દંપતી શ્રીમતિ મુક્તાબેન તથા પંકજભાઇની લાજ રાખી છે અને તેમને સમુહ લગ્નોત્સવ સ્વીકારીને અનોખું પ્રોત્સાહન પુરૂ પાડયું છે. તા. ૨૧-૦૧-૨૦૨૪ ને રવિવારના રોજ જે અંધકન્યાઓ લગ્નગાંઠે બંધાશે તેમનું સદ્ભાગ્ય કહેવાય. અંધકન્યાઓને ગીજુભાઇ જેવો લાગણીશીલ માતબર બાપ મળ્યો છે અને કલ્પાબહેન જેવી માતાનું માતબર વાત્સલ્ય સાપડયું છે તે ગૌરવની વાત કહેવાય. જે કન્યાઓ સાથે જે વરરાજાઓ જોડાશે તેમને એક મજબુત સસરાની પ્રાપ્તિ થશે. આ ખુશી માનવ હૈયાને આનંદીત કરનાર બની રહેશે. આ દિવસે માનવ હૈયા હીલોળે ચડશે, આનંદની વર્ષા થશે, બેંડવાજાના તાલે અનોખા નાચગાન થશે, ફટાકડાના અવાજોથી વાતાવરણ ગુંજી ઉઠશે. વરરાજાઓના અનોખા સ્વાગત થશે. ખાણી પીણીની ખુશાલી થશે. અંધજનોએ ન જોયા હોય કે ન ચાખ્યા હોય તેવા ભોજન તેમને મળશે અને પધારનાર તમામ અતિથીઓ આ સઘળુ જોઇને અનોખા આનંદની અનુભુતી કરશે.

આ દિવસે પ્રતિવર્ષ અપાતા લુઇ બ્રેઇલ એવોર્ડ અંતર્ગત સ્વ. માધુરીબહેન સુર્યકાંતભાઇ શાહ તથા સુર્યકાંતભાઇ જગજીવનદાસ શાહ જગદીપ ફાઉન્ડેશન યુ.કેના સૌજન્યથી પ્રાચી પ્રકાશ શર્મા (આસિસ્ટન્ટ મેનેજર GRI, વડોદરા) ને રૂપિયા એક લાખના પુરસ્કાર સાથે અર્પણ થશે. બીજો એવોર્ડ પંડિત સુખલાલજી એવોર્ડ શ્રી ચંદ્રકાંતભાઇ હિમ્મતલાલ શાહ અને સ્વ. સુરજબેન કામદાર સ્મૃતિ સહયોગ અંબા રાજકોટના સૌજન્યથી શ્રી યુસુફીભાઇ કાપડીયા - સેક્રેટરીશ્રી એન.એ.બી જીલ્લા શાખા દાહોદ તથા સેક્રેટરી બ્લાઇન્ડ વેલ્ફેર કાઉન્સીલ દાહોદને રૂપિયા એકાવન હજારના પુરસ્કારથી સન્માનીત કરાશે. ત્રીજો એવોર્ડ મુક્તા પંકજ ડગલીના નામે શ્રીમતી દિવ્યાબેન ચંન્દ્રકાંતભાઇ શાહ તથા શ્રીમતી જસુમતિબેન લલિતચંન્દ્ર શાહ (દેરાણી જેઠાણી) રાજકોટના સૌજન્યથી શ્રધ્ધા વેલફેર એન્ડ એજ્યુકેશ ટ્રસ્ટ ને રૂપિયા એકાવન હજારના પુરસ્કાર સાથે અર્પણ થશે.

આ પ્રસંગે તા. ૨૦-૦૧-૨૦૨૪ ના રોજ અંધબાળાઓની રસોઇ સ્પર્ધા બીજોલી, કોષા, દર્શનાબહેન સનતભાઇ શાહ, યુ.એસ.એના સૌજન્યથી યોજાશે. જેમાં ૧૫૦ જેટલી નેત્રહીન બાળાઓ ભાગ લેશે. આ રસોઇ સ્પર્ધા સંસ્થા સ્વ. વિનોદાબહેન કે. શાહના નામે પ્રતિવર્ષ યોજે છે.

તા. ૨૦ જાન્યુઆરી - ૨૦૨૪ ને રાત્રીના સમયે શ્રી કાંતિલાલ પ્રેમજીભાઇ મારૂ (ગીજુભાઇ) કલાસીક સ્ટીલ લગ્નોત્સવના પ્રારંભ રૂપે ડાંડીયા રાસની રમઝટ બોલશે અને સ્વર અને તાલમાં સૌ મગ્ન બનશે. આ ડાંડીયા રાસને સંગીતથી શોભાવશે લુઇ બ્રેઇલ પ્રજ્ઞાચક્ષુ વાધ વૃંદ(ઓરકેસ્ટ્રા ગૃપ મોરબીના પ્રજ્ઞાચક્ષુ ભાઇ-બહેનો). તા. ૨૧ જાન્યુઆરીના રોજ અંધ વરકન્યાઓના હાથ એકબીજાના હાથમાં સોંપાશે. તેજ વિહોણા અંધ યુવક યુવતિઓ અનોખા સ્પર્શથી આનંદીત થશે અને જીવનના સ્વપ્નને સાકાર થતુ જોઇ ખુશ ખુશાલ થશે.

અંતે ભવ્ય ભોજન પછી વિદાયની વસમી વેળા આવતા ઉપસ્થિત હસતા મુખડા પર અશ્રુની ધાર જોવા મળશે. સુખ અને દુઃખના તાણાવાણામાં વણાયેલા આ ભવ્ય જીવનની અનુભુતિ આ દિવસ દરમ્યાન થશે. આ કાર્યક્રમમાં આપ સૌ પ્રેમે પધારો અને વરકન્યાને વધાવો તથા અંધજનોને તમારા દિલમાં સમાવો અને અનોખું પુન્ય કમાવો એવી મારી નમ્ર અપીલ છે. આપનો સાથ એજ પ્રજ્ઞાચક્ષુનો વિકાસ, આપનો હાથ એજ પ્રજ્ઞાચક્ષુનો આધાર, આપની ઉપસ્થિતિ એજ પ્રજ્ઞાચક્ષુનો ઉમંગ, આપની હાજરી એજ પ્રજ્ઞાચક્ષુઓની હુંફ. અંતમાં હું એટલું જ કહીશ કે

'' હૈયાના હેતે પ્રજ્ઞાચક્ષુને વધાવીએ, મનડાની મમતાથી મનમાં સમાવીએ.
તનડાના ટેકે તેને આગળ વધારીએ, ને ધનડાના ધૈર્યથી ધરતી સજાવીએ.''

ફરી ફરી આપ સૌને નમ્ર નિમંત્રણ આપતા આનંદ અનુભવુ છું.

હું માનુ છું ત્યાં સુધી ઉપસ્થિત મહાનુભાવોને આવો અદ્વીતીય આનંદ એમની જીંદગીમાં ક્યારેય નહી મળ્યો હોય. બંધ આંખમાં આનંદની ઝલક ક્યારેક જ જોવા મળે છે. આ ઝલક આપને તારીખ ૨૧ જાન્યુઆરીના દિવસમાં જોવા મળશે. આવા ભવ્ય, દિવ્ય અને અદ્વીતીય પ્રસંગોમાં હાજરી આપવા માટે સંસ્થાના વડા તરીકે હુ આપ સૌને નિમંત્રણ પાઠવું છું.

લિ. નવિન એ. મણીયાર

Sponsored by
Classic STEELS MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)

# ભાવભર્યુ નિમંત્રણ

સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ સુરેન્દ્રનગર આયોજીત કાંતીલાલ પ્રેમજીભાઈ મારૂ ''ગીજુભાઈ'' કારાઘોઘા (કચ્છ) હાલ. માટુંગા, મુંબઈ ''કલાસીક અંધકન્યાઓનો ૨૯ મો લગ્નોત્સવ'' તથા બિજોલી, કોષા, દર્શનાબહેન સનતભાઈ શાહના સૌજન્યથી સ્વ. વિનોદાબેન કે. શાહ અખિલ ગુજરાત અંધકન્યાઓની વાનગી સ્પર્ધા તથા જગદીપ ફાઉન્ડેશન યુ.કે પ્રેરીત સ્વ. મધુરીબેન સુર્યકાંત શાહ અને શ્રી સુર્યકાંતભાઈ જગજીવનદાસ શાહ લુઈ બ્રેઈલ એવોર્ડ તથા શ્રીમતિ દિવ્યાબેન ચંદ્રકાંતભાઈ શાહ તથા શ્રીમતિ જશુમતિબેન લલિતચંદ્ર શાહ (દેરાણી જેઠાણી પ્રેરીત) મુક્તા પંકજ ડગલી એવોર્ડ તથા શ્રી ચંદ્રકાંતભાઈ હિંમ્મતલાલ શાહ તથા સ્વ.સુરજબેન કામદાર સ્મૃતિ સહયોગ અંબા રાજકોટ પ્રેરીત પંડિત સુખલાલજી પુરસ્કાર જેવા વિવિધ કાર્યક્રમો

સુજ્ઞ મહાશય શ્રી............................................................................................................

સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ સુરેન્દ્રનગર નેત્રહીનોના વિકાસ અને સુખાકારી માટે અનોખા સોપાન સર કરી રહી છે. નેત્રહીન ભણી ગણીને ઘરના એક ખુણામાં બેસીને નિરાશામયી જીવન જીવે તેનો કોઇ અર્થ નથી.

ઉપરોક્ત સંસ્થા દ્વારા દર વર્ષે અંધકન્યાઓના સમુહ લગ્નોત્સવ યોજાય છે. અત્યાર સુધીમાં આ અભિયાન અંતર્ગત ૨૪૦ અંધકન્યાઓ લગ્નજીવનમાં પ્રસ્થાપિત થઇ ચુકી છે. આપ જેવા વડીલો અને સદ્ગ્રહસ્થોનું વાત્સલ્ય સદાય બાળાઓને પ્રાપ્ત થયું છે. આ વર્ષે પણ સંસ્થા સમુહ લગ્નોત્સવ યોજીને અંધબાળાઓને લગ્નજીવનમાં ગોઠવવા માટે કટીબધ્ધ છે. આ વર્ષે તા. ૨૧-૦૧-૨૦૨૪ ને રવિવારના દિવસે જે લગ્નોત્સવ યોજાનાર છે તેનું સૌજન્ય કાંતીલાલ પ્રેમજીભાઇ મારૂ ''ગીજુભાઇ'' કારાઘોઘા (કચ્છ) હાલ. માટુંગા, મુંબઇ ''કલાસીક સ્ટીલ'' તરફથી મળેલ છે.

દરવર્ષની જેમ આ વર્ષે પણ સ્વ. વિનોદાબેન કે. શાહ અખિલ ગુજરાત અંધકન્યા વાનગી સ્પર્ધાનુ આયોજન કરેલ છે.

આવા અદ્વિતીય કાર્યક્રમોમાં આપની હાજરી અમને અનોખું બળ પુરૂ પાડશે. આપની હાજરી એજ અમારી શોભા છે. આપની ઉપસ્થિતિ એજ અમારો ઉમંગ છે. આપના હૃદયની લાગણી અમને સૌને તરબોળ કરે એવી અમારી તમન્ના હોય. દરેક પ્રસંગોમાં આપની ઉપસ્થિતી અનિવાર્ય છે. તેથી આપ ઉપસ્થિત રહો એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

## કાર્યક્રમની વિગત

### તા. ૨૦-૦૧-૨૦૨૪ શનિવાર

**મંડપ મહુર્ત**
સવારના ૦૯:૦૦ કલાકે

**અંધકન્યાઓની ગુજરાત સ્તરીય રસોઇ સ્પર્ધા**
બપોરના ૧૨:૦૦ કલાકે

**ભોજન સમારંભ**
બપોરના ૦૧:૦૦ કલાકે

**મહેમાનો માટે સંસ્થા દર્શન**
બપોરના ૦૩:૩૦ કલાકે

**વિજેતા બાળાઓ માટે પુરસ્કાર વિતરણ તથા ડોક્ટરોનો સન્માન સમારંભ**
સાંજના ૦૪:૦૦ કલાકે

**ભોજન સમારંભ**
સાંજના ૦૭:૦૦ કલાકે

**રાસ ગરબાની રમઝટ**
રાત્રીના ૦૮:૦૦ કલાકે

## -: સન્માનિત મહાનુભાવો :-

**ડૉ. શ્રી પ્રકાશભાઈ પરમાર**
જેમણે સંસ્થા પર PHD કરેલ છે.

**ડૉ. શ્રી વૈશાલીબેન મકવાણા**
સ્કીન સ્પેશ્યાલીસ્ટ

**ડૉ. શ્રી સંકેતભાઈ મકવાણા**
મેડિસીયન એમ.ડી.

**ડૉ. શ્રી શ્યામભાઈ શાહ**
સૌરાષ્ટ્ર મેડિકલ એશોસીએશનના ડાયરેકટર

Sponsored by
Classic STEELS MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)

## તા. ૨૦-૦૧-૨૦૨૪ શનિવાર

## સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ, સુરેન્દ્રનગર આયોજીત કુ.વિનોદા કે.શાહ અખિલ ગુજરાત અંધ મહિલા વાનગી સ્પર્ધા સૌજન્ય ચિ. બિજોલી, કોષા તથા શ્રીમતી દર્શનાબેન સનતભાઇ શાહ (યુ.એસ.એ) ઇનામ વિરતણ તથા સન્માન સમારંભમાં ઉપસ્થિત રહેનાર મંચસ્થ મહાનુભાવો

### -: સમારંભના પ્રમુખ :-

**શ્રી મિનેષભાઇ શાહ** - (ચેરમેનશ્રી N.D.D.B, ઇરમા, આણંદ)

### -: સમારંભનું દિપપ્રાગટ્ય :-

**શ્રી જીજ્ઞાબેન પંડયા**
(પ્રમુખશ્રી સુરેન્દ્રનગર,વઢવાણ, દૂધરેજ નગરપાલીકા)

**શ્રી માધવીબેન**
(પ્રમુખશ્રી રોટરી ક્લબ, ભાવના રોડવેઝ)

### સમારંભમાં ઉપસ્થિત રહેનાર મુખ્ય મહેમાનો

**શ્રી સનતભાઇ શાહ**
(રસોઇ સ્પર્ધાના દાતા, યુ.એસ.એ)

**શ્રી માર્ક એન્ડ કેથી**
(યુ.એસ.એ)

**શ્રી વસંતભાઇ ગલીયા**
(જાણીતા સામાજીક કાર્યકર, મુંબઇ)

**શ્રી ચંદ્રકુમાર ઝવેરી**
(ડાયમંડ મર્ચન્ટ, મુંબઇ)

**શ્રી સંજયભાઇ અગ્રવાલ**
(હેસ્ટી ટેસ્ટી, દાર્જીલિંગ)

**શ્રી ડો. કમલેશભાઇ પરીખ**
(પ્રમુખશ્રી ડોકટર એસોશીએશન, સુરેન્દ્રનગર)

**શ્રી સુમીતભાઇ પટેલ**
(પ્રમુખશ્રી ઇન્ડસ્ટ્રીયલ એસોશીએશન, વઢવાણ)

### અતિથી વિશેષ મહાનુભાવો

**શ્રી મયુરભાઇ ત્રિવેદી**
(પ્રમુખશ્રી ઝાલાવાડ ચેમ્બર્સ ઓફ કોમર્સ, સુરેન્દ્રનગર)

**શ્રી નિરવભાઇ પટેલ**
(હેમાંગ ટી, આણંદ)

**શ્રી જયદીપભાઇ પ્રજાપતિ**
(પ્રમુખશ્રી લાયન્સ ક્લબ, સુરેન્દ્રનગર)

**શ્રી નિતીનભાઇ શાહ**
(પ્રમુખશ્રી રોટરી ક્લબ, સુરેન્દ્રનગર)

**શ્રી કલ્પેશભાઇ સંઘવી**
(ચેરમનેશ્રી, ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, સુરેન્દ્રનગર)

**શ્રી અમીતભાઇ ભટ્ટ**
(જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી, સુરેન્દ્રનગર)

**શ્રી યુવરાણી સાહેબશ્રી મૃદિમા કુમારી**
(મુળી સ્ટેટ)

**શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ**
(પ્રમુખશ્રી જીલ્લા ભાજપ, સુરેન્દ્રનગર)

**શ્રી જીજ્ઞાસાબેન નાયક**
(મંત્રીશ્રી જીલ્લા ભાજપ, સુરેન્દ્રનગર)

**શ્રી દિપકભાઇ દેસાઇ**
(પ્રમુખશ્રી ઇલેક્ટ્રીક એસોશીએશન, સુરેન્દ્રનગર)

**ડો. શ્રી દર્શનભાઇ પઢીયાર**
(પ્રમુખશ્રી મેટ્રો રોટરી, વઢવાણ)

**શ્રી દિનેશભાઇ તુરખીયા**
(ઉપપ્રમુખશ્રી ઝાલાવાડ ચેમ્બર્સ ઓફ કોમર્સ, સુરેન્દ્રનગર)

**શ્રી પ્રશાંતભાઈ વ્યાસ** (લાયન્સ કલબ પૂર્વ પ્રમુખ, રૂદ્ર ક્રિયેશન, સુરેન્દ્રનગર)

## તા. ૨૧-૦૧-૨૦૨૪ રવિવાર

## સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ, સુરેન્દ્રનગર આયોજીત કાંતિલાલ પ્રેમજીભાઇ મારૂ કારાઘોઘા(કચ્છ) હાલ-માટુંગા, મુંબઇ ''ક્લાસીક સ્ટીલ'' અંધકન્યાઓનો ૨૯ મા લગ્નોત્સવ તથા એવોર્ડ વિરતણ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેનાર મંચસ્થ મહાનુભાવો

### -: સમારંભના પ્રમુખ :-

**શ્રી કાંતિલાલ પ્રેમજીભાઈ મારૂ** (ક્લાસીક સ્ટીલ, મુંબઇ)

### -: સમારંભનું દિપપ્રાગટ્ય :-

**શ્રી વર્ષાબેન દોશી**
ભાજપ ઉપાધ્યક્ષ ગુજરાત રાજ્ય

### -: આશિર્વચન :-

**સદ્‌ગુરૂ મધુસુદનજી સાંઇ**
સત્યસાંઇ ફાઉન્ડેશન, કર્ણાટક

**શ્રી શાંતિલાલ**
મહંતશ્રી અઢી આખરી મેલડી માં મંદિર, લીંબડી

### સમારંભમાં ઉપસ્થિત રહેનાર મુખ્ય મહેમાનો

**શ્રી જગદીશભાઇ મકવાણા**
(નાયબ મુખ્ય દંડક, ગુજરાત રાજ્ય)

**શ્રી કિરીટસિંહજી રાણા**
(ધારાસભ્યશ્રી લીંબડી મતવિસ્તાર)

**શ્રી રાકેશભાઇ દુધાત**
(ચેરમેનશ્રી શ્રીહરી ગૃપ, આફ્રીકા)

**શ્રી કેયુરભાઇ સંપટ**
(કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગર)

**શ્રી બાબાભાઇ ભરવાડ**
(ચેરમેનશ્રી સુરસાગર ડેરી, વઢવાણ)

**પદ્મશ્રી જોરાવરસિંહજી જાદવ**
(લોક કલા ફાઉન્ડેશન, અમદાવાદ)

**શ્રી ઉપેન્દ્રસિંહ ચાવડા**
(જાણીતા બિલ્ડર, ચેરમેન આસ્થા ફાઉન્ડેશન, અમદાવાદ)

**શ્રી ગીરીશભાઇ પંડ્યા**
(ડી.એસ.પી. સુરેન્દ્રનગર)

### અતિથી વિશેષ મહાનુભાવો

**શ્રી જયેશભાઇ ત્રિવેદી**
(ચેરમેન ઓફ રીક્રિએશન હેરીટીજ એન્ડ કલ્ચરલ કમીટી મ્યુ.કોર્પોરેશન, અમદાવાદ)

**શ્રી મિલનભાઈ ચંદુભાઈ શાહ**
(જાણિતા ઉધોગપતિ,રાજકોટ)

**શ્રી રણજીતસિંહ પરમાર**
(યુવરાજશ્રી મુળી સ્ટેટ)

**શ્રી પ્રવીણભાઇ શાહ**
(ભાવના રોડવેઝ, સુરેન્દ્રનગર)

**શ્રી મેહુલભાઇ મહેતા**
(જાણીતા ઉધોગપતિ, અમદાવાદ)

**શ્રી મનીષભાઇ દીલીપભાઇ શાહ**
(જાણીતા બિલ્ડર, ટ્રુ વેલ્યુ, અમદાવાદ)

**શ્રી હિરાભાઇ પટેલ**
(ભુતપુર્વ ધારાસભ્ય, ધ્રાંગધ્રા)

**શ્રી વિરેન્દ્રભાઇ સંઘવી**
(ચેરમેનશ્રી આર્વી ઇન્કોન લીમીટેડ)

**ડો. શ્રી ચેતનભાઇ ત્રિવેદી**
(વાઇસ ચાન્સલરશ્રી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિર્વસીટી, જૂનાગઢ)

**ડો. શ્રી ભરતભાઇ પટેલ**
(ઓર્થો સ્પેશ્યાલિસ્ટ, અમદાવાદ)

**ડો. શ્રી મેહુલભાઇ મસ્કરીયા**
(ઓર્થો સ્પેશ્યાલિસ્ટ, અમદાવાદ)

**ડો. શ્રી રમેશભાઇ જી. શાહ**
(જનરલ સર્જન, અમદાવાદ)

**શ્રી પ્રવીણસિંહ આર. ગોહીલ**
(જાણીતા સામાજીક કાર્યકર, ધંધુકા)

**ડો. શ્રી મુકેશભાઇ બાવીસી**
(ગાયનોકોલોજીસ્ટ, અમદાવાદ)

**શ્રી વિવેકભાઇ રાજગરીયા**
(જાણીતા ઉધોગપતિ, અમદાવાદ)

**શ્રી જગાભાઇ**
(એસ્ટ્રોલોજીસ્ટ)

**શાસ્ત્રી શ્રી દીપકભાઇ પ્રભાશંકરભાઇ મહેતા**
(ઘુઘરાળાવાળા)

**ડો. શ્રી વિદુલાબેન શાહ**
(ગાયનોકોલોજીસ્ટ, અમદાવાદ)

**શ્રી મુકેશભાઇ મકવાણા**
(પ્રમુખશ્રી વણકર સમાજ, સુરેન્દ્રનગર)

**શ્રી ધનેશભાઇ પી. શાહ**
(જાણીતા સામાજીક કાર્યકર, અમદાવાદ)

Sponsored by
Classic STEELS MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)

## સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ સુરેન્દ્રનગર આયોજીત કાંતિલાલ પ્રેમજીભાઇ મારૂ ''ગીજુભાઇ'' કારાઘોઘા (કચ્છ) હાલ. માટુંગા, મુંબઇ ''કલાસીક અંધકન્યાઓનો ૨૯ મો લગ્નોત્સવ

# માંગલિક અવસરો

**તા. ૨૧-૦૧-૨૦૨૪ રવિવાર**

**જાન આગમન**
સવારે ૦૫:૦૦ કલાકે

**મનપસંદ નાસ્તો**
સવારે ૦૬:૩૦ કલાકે

**વરઘોડો**
સવારે ૦૮:૦૦

**સામૈયુ**
સવારે ૦૯:૦૦

**હસ્ત મેળાપ**
સવારે ૦૯:૩૦ કલાકે

**શ્રેષ્ઠીઓના સન્માન તથા એવોર્ડ વિતરણ**
સવારે ૧૦:૩૦ કલાકે

**સ્વરૂચી ભોજન**
બપોરે ૧૨:૩૦ કલાકે

**વિદાય વેળા**
બપોરે ૦૨:૦૦ વાગ્યે

## પ્રભુતામાં પગલા પાડતા નવદંપતિઓ

**૧**

**ચિ. ભુમિ**
વિષ્ણુભાઈ જીડીયા
મુ. ફુલગ્રામ, જી. સુરેન્દ્રનગર



**ચિ. ગિતેન્દ્ર**
અરજણભાઈ બાંભણીયા
મુ. દુધાળા, જી. અમરેલી

**૨**

**ચિ. ગીતા**
દાનાભાઈ ખીમસુરીયા
મુ. કોબડા, જી. અમરેલી



**ચિ. છોટુ**
આનંદભાઈ યાદવ
મુ. બિહાર

**૩**

**ચિ. હિના**
મનજીભાઈ ચૌહાણ
મુ. મોજીદડ, જી. સુરેન્દ્રનગર



**ચિ. હરેશ**
રણછોડભાઈ ચાવડા
મુ. જાંબુ, જી. સુરેન્દ્રનગર

**૪**

**ચિ. હંસા**
જીણાભાઈ પરમાર
મુ. ભવાડા, વલસાડ



**ચિ. હરેશ**
સવજીભાઈ પરમાર
મુ. રાણપરી, જી. અમદાવાદ

Sponsored by
Classic STEELS MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)



# ગજબ ગોઠવણ ગીજુભાઇની

દરેક માણસ પોતાના ગજા પ્રમાણે કામ કરે છે. ઘણા માણસોનું કામ ગજા ઉપર વટનું પણ જોવા મળે છે અને જગતમાં કેટલાય માણસો એવા પણ છે કે તે પોતાના ગજા પ્રમાણે પણ કામ કરી શક્તા નથી. આ ત્રણેય સ્તરના માણસોમાંથી જ્યારે કોઇના દ્વારા ગજા ઉપરવટનું કામ થાય ત્યારે પણ આપણે કહીએ છીએ કે ''ગજબ કર્યો'' જ્યારે કોઇ માણસ ગજા પ્રમાણેની કામગીરી નથી કરતો ત્યારે પણ આપણે કહીએ છીએ કે '' આ માણસ ગજબ છે'' પ્રભુએ દીધેલુ વાપરી શકતો નથી. પણ આ જગતમાં એવા અદ્વિતીય માણસો વસે છે કે જેનું ગજવું અઢળક નાણું વાપરવા છતાં ક્યારેય ખાલી થતુ નથી. આવા માનવો ઉદારદિલે વાપરે છે અને પ્રભુ તેને ઉદારતાથી આપે છે.

ગીજુભાઇ મારૂ ઉર્ફે શ્રી કાંતીભાઇ પ્રેમજીભાઇ મારૂ પણ એક એવા જ માનવ છે કે જે ઇશ્વરે આપેલી સંપતિને વાપરતા થાકતા નથી. વિદ્યા માટે એવું કહેવાય છે કે વિદ્યા વાપરીએ તેમ વધે છે. તે રીતે ગીજુભાઇ જેવા માનવીને જોઇએ છીએ ત્યારે પણ આપણને એમ લાગે છે કે ધન પણ વાપરવાથી વધે છે. જે બિજાના માટે વાપરે છે તેને પરમાત્મા વધુને વધુ ધન સંપતિ આપે છે. શ્રી ગીજુભાઇએ તો મારી દ્રષ્ટીએ ગજબ કર્યો છે. એટલે જ જાણીતા ગઝલકાર અને પ્રસિધ્ધ એન્કર શ્રી શોભીત દેસાઇ અને દિગદર્શક અને ફિલ્મ પ્રોડયુસર શ્રી લતેશ શાહ (ચિત્કાર ફિલ્મ ફેમ) ગીજુભાઇ માટે કહેતા આવ્યા છે કે ''ગીજુ જેવું નહી કોઇ બીજુ'' તે ખરેખર યથાર્થ, સચોટ અને યોગ્ય છે. ગીજુભાઇ જેવા માનવીનો જગમાં જોટો મળવો અઘરો છે. આ કંકોત્રીમાં જેટલા વરકન્યાના નામ છે તેટલા અંધ વરકન્યાને તેઓ તેમના ખર્ચે પરણાવવાના છે. અંધકન્યાઓના આ મહાઅભિયાનમાં ગીજુભાઇએ પાંચમી વખત સાથ આપીને સંસ્થાને ખૂબ મોટી સહાય કરી છે. આ કામમાં કોઇ કસર રહે નહી તેવી નોંધ ગીજુભાઇ અમને વારંવાર કરાવે છે. આ કન્યાઓના કન્યાદાનનો લાભ પણ શ્રી ગીજુભાઇ તેમના સગાં-સ્નેહીઓ અને વ્યાપારી મિત્રોને આપવાના છે. તે પણ તેમની અદ્‌ભુત ઉદારતા ગણાય. આ દીકરીઓને કપડા, ફર્નિચર, પંખા, મિક્ષચર, ગાંદલા પલંગ, વાસણો તથા આ પત્રિકામાં દર્શાવેલી તમામ ચિજવસ્તુઓની યાદી આપ સૌના વંચાણ માટે મુકી છે તે યાદી ઉપરાંત મંડપ, સ્ટેજ, સાઉન્ડ, ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી અને તા. ૨૧ જાન્યુઆરી - ૨૦૨૪ નો ચા-નાસ્તા અને જમણવારનો ખર્ચ શ્રી ગીજુભાઇ તરફથી થનાર છે. ખુબ ઉદારદિલે શ્રી ગીજુભાઇએ અંધજનોને તેમના દિલમાં સમાવી લીધા છે. તેમના પરીવારના સભ્યોનો પણ તેમનો પુરતો સહકાર છે. શ્રી ગીજુભાઇના અદ્વિતીય વિકાસમાં શ્રી કલ્પાબેનનો અદ્વિતીય ફાળો છે. શ્રી ગીજુભાઇ ખુબ ધન સંપતિ ધરાવતા હોવા છતાં તેમની સાદગી આપણા સૌ માટે પ્રેરણાદાયી છે. નાની વાતો પર ઉંડાણ પૂર્વક વિચારી તેનુ અમલીકરણ કરવું તે ગીજુભાઇની વિશેષતા છે. શ્રી ગીજુભાઇ બત્રીસ પ્રકારના ભોજન અને તેત્રીસ પ્રકારના શાક ખાવા માટે સમર્થ હોવા છતાં સુકી રોટલી ખાતા પણ તેઓ ખચકાતા નથી. જ્યાં જાય છે ત્યાં સૌને પ્રસન્ન કરે છે અને આનંદીત કરે છે. એકલા ન ખાતા તેઓ જગતને ખવડાવે છે. મુંબઇ જેવી મહાનગરીમાં રહેતા હોવા છતાં શ્રી ગીજુભાઇ દાતણના હિમાયતી છે. દાતણ ઉપર પી.એચ.ડી કરી શકે તેટલું જ્ઞાન તેમની પાસે છે. તે તેમની સાથે થયેલ વાતો પરથી અમે જાણ્યું. ગત લગ્નોત્સવમાં મોરબી અને સુરેન્દ્રનગર શ્રી ગીજુભાઇનું આગમન થયુ હતું. ત્યારે જ તેમણે અમારી સાથે વાત કરીને ૨૦૧૮ ના લગ્નોત્સવના ખર્ચનું વચન આપ્યું હતું જે પરીપૂર્ણ કરેલ છે. આ વર્ષે પણ ૨૦૨૪ માં તેમના તરફથી જ અનોખો ભવ્ય લગ્નોત્સવ યોજાનાર છે. પાંચમી વખત લગ્નોત્સવનું સૌજન્ય સ્વીકારીને તેમણે પુન્ય વિજયનો ડંકો વગાડી આશિર્વાદનું ભાથું બાંધીને જગતને પ્રેરણા પુરી પાડી છે.

આજના આ યુગમાં ૧૦, ૧૫ લાખ રૂપિયા આપનાર દાતાઓ મકાનો પર નામ રાખવાની શરતે રૂપિયા આપે છે. સતત પાંચમીવાર આવી અંધ દીકરીઓના લગ્ન માટે આટલી મોટી રકમ આપનાર દાતા મે ૬૬ વર્ષે પહેલીવાર જોયા છે. તેથી હું અનોખી ધન્યતા અનુભવું છું. પ્રેમજીભાઇએ ખરેખર શ્રી કાંતીભાઇ (ગીજુભાઇ)ને સાચા અર્થમાં પ્રેમનો વારસો આપ્યો છે અને તેથી તેમને જગતને પોતાનું કર્યુ છે. તેમની મારૂ અટક મારાપણાની સુચક છે અને જે જગતને પોતાનું સમજે છે તેજ જગત માટે કંઇક વાપરી શકે છે. ત્યાગવું અઘરુ છે. ત્યાગી શકે તેજ આપી શકે છે. તેમની આટલી વ્યસ્તતા વચ્ચે તેઓ અમારી સાથે વિચારણા કરવા મુંબઇથી સુરેન્દ્રનગર આવ્યા તે જ તેમની મહાનતા છે. તેઓએ જો અમને મુંબઇ આવવાનો આદેશ કર્યો હોત તો અમે પ્રેમથી જાત પણ તેમના મનમાં ચોક્કસપણે અમને તકલીફ ન આપવાનો વિચાર આવ્યો જ હશે. તેવી મને પુરેપુરી ખાત્રી છે. અમે મુંબઇ જ્યારે ગયા છીએ ત્યારે બે થી ત્રણ વખત શ્રી ટેકચંદભાઇ સાથે તેમના ઘેર પણ ગયા હતા. ત્યારે પણ તેમને કરેલી આગતા-સ્વાગતા આજે પણ ભુલી શકાય તેમ નથી. આવા મહામાનવનો પરીચય અંધ કન્યાઓના સુખના સુર્યોદય સમો ભાગ્યવંતો બની ગયો. એક દુહા માં કહ્યુ છે તે પ્રમાણે ગુરુ ગોવિંદ દોનો ખડે કીસકો લાગુ પાય, બલીહારી ગુરૂ આપકી ગોવિંદ દીયો બતાય. ગીજુભાઇને સંસ્થા સાથે જોડવામાં શ્રી ભાગ્યવંતભાઇ ગાલાની મોટી ભુમિકા છે. શ્રી ભાગ્યવંતભાઇ બે વાર સંસ્થા પરીસરમાં યોજાયેલ લગ્નોત્સવમાં હાજરી આપી ચુક્યા છે અને એક વખત એક કન્યાના કન્યાદાનનું સૌજન્ય પણ તેમના તરફથી મળ્યું છે. તેથી તેમને અંધ કન્યાઓના લગ્નોત્સવની સાર્થકતા દેખાતા

Sponsored by
Classic STEELS MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)

શ્રી ગીજુભાઇ સાથે ટેકચંદભાઇને જોડયા અને ટેકચંદભાઇ તથા ગીજુભાઇનો પરીચય થતા ગીજુભાઇના મનમાં અંધ કન્યાઓના સમુહ લગ્નોત્સવ માટે ભાવના જાગી. પરીણામે શ્રી ગીજુભાઇ ૨૦૧૭ ના લગ્નોત્સવમાં પધાર્યા અને તેને પરીણામે તેમના મનમાં અંધ કન્યાઓને પરણાવવાનો ભાવ પ્રબળ થયો. તેથી આ વર્ષે આ પુન્ય યજ્ઞમાં ભાગ લેવા માટે પાંચમી વખત તેઓ સહમત થયા. આવા અદ્રીતીય દાતા સંસ્થાને પ્રાપ્ત થયા છે. તે શ્રીમાન ભાગ્યવંતભાઇને આભારી છે. શ્રી ભાગ્યવંતભાઇ ગાલાએ સંસ્થા પરીવાર સાથે જોડાયેલ દાતાઓની માળામાં મહામુલા મણકાનો ઉમેરો કર્યો છે. તેથી સંસ્થા શ્રી ભાગ્યવંતભાઇની આભારી છે. ગીજુભાઇએ ભુતકાળમાં પણ આદીવાસી વિસ્તારોમાં જઇને જરૂરીયાતમંદ પછાત કન્યાઓને પરણાવવાના અભિયાન પૂર્ણ કર્યા છે. આ વર્ષે તા. ૨૫-૦૨-૨૦૨૪ ના રોજ લખનઉ ખાતે શ્રી ગીજુભાઇ ૧૦૧ કન્યાઓને પરણાવવાના છે. આ ઉત્સવ ખૂબ ભવ્યતાપૂર્ણ ઉત્સવ બની રહેનાર છે. આ ઉત્સવમાં આઠ હજાર માનવો એકત્રીત થવાના છે. આ તમામનુ બે ટંકનું જમણવારનુ ખર્ચ તથા ૧૦૧ કન્યાઓને પરણાવવાની સંપૂર્ણ જવાબદારી શ્રી ગીજુભાઇએ લીધી છે. તેમના આ મહામુલા અભિયાનમાં ઉતરપ્રદેશ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજી પણ પધારવાના છે. શ્રી રાજનાથસિંહની મહત્વપૂર્ણ ઉપસ્થિતી આ પ્રસંગે રહેશે. આ ઉપરાંત ઉતરપ્રદેશના ભુતપૂર્વ રાજ્યપાલ શ્રી આનંદીબેન પટેલ તથા વર્તમાન રાજ્યપાલ પણ ઉપસ્થિત રહેવાના છે. ભુતકાળમાં ભાજપનું મહામુલું કામ કરનાર પેટ્રોલિયમ મંત્રાલય તથા રેલ્વે મંત્રાલય અને અન્ય વિભાગો સંભાળીને દેશની સેવા કરનાર શ્રી રામનિકાયજી પણ ૮૪ વર્ષની ઉંમરે આ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહેશે. આ પ્રસંગ ભવ્ય પ્રસંગ બની રહેશે અને શ્રી આદીત્યનાથ યોગીના માધ્યમથી અતિથીઓને અયોધ્યા ખાતેના રામ મંદિરના દર્શનનો લાભ પણ મળશે. શ્રી ગીજુભાઇની આ જબરજસ્ત કારર્કિંદીમાં એક નવા પિંછાનો ઉમેરો થશે. આવા ગુલાબી સ્વભાવના ગીજુભાઇને પરમકૃપાળુ પરમાત્મા તંદુરસ્તી પ્રદ દિર્ઘાયુ બક્ષે એજ પ્રાર્થના.....

લિ. પંકજ કે. ડગલી

## અંધારાના ઓઢણા

અંધારા ઓઢયા છે જેને નથી જોયા પડછાયા,
એવા લોકોની લાગી છે ગીજુ તને ઘણી માયા.
દિઠયુ નથી જગતને જેને છતા એ સૌને જુએ,
જ્ઞાન બળે એ દુનિયા દેખે જેને લાગણી રૂએ રૂએ,
તે જીવડાને રાજી કરો તમે આ જગતે છો રાયા.........................અંધારા ઓઢયા છે જેને..........(૧)
લગ્ન જેના માટે સ્વપ્ન સમુ છે સાકાર તમે છે કીધા,
એવા અગણીત અંધ જોડાના આશિષ તમે ખૂબ લીધા,
ધન્ય ધન્ય તમ માત-પિતાને જેના છો તમે વિરલ જાયા..................અંધારા ઓઢયા છે જેને..........(૨)
ગૃહે પહોચીને આ જોડલા જુએ આપી તમે સૌગાત,
હરખે હરખે ગાય છે પ્રેમે એ કરે તમારી વાત,
ઉમંગ છલકે છે અણુ અણુમાં તેના હૈયા અતિ હરખાયા..................અંધારા ઓઢયા છે જેને..........(૩)
કલ્પા થકી તમ કેડી ઉજ્જવળ પરિવાર છે ઉદારતા,
સહુ પરિવારના સથવારે તમે બન્યા છો પિતા-માતા,
સદ્‌કાર્યોના સથવારે તમે પુણ્ય પુંજે બિરાજ્યાં...........................અંધારા ઓઢયા છે જેને..........(૪)
ગામ કચ્છે કારાઘોઘા તમારૂ તમે મુંબઇ નગરે વસ્યા,
સંકુચિતતા દીઠી નથી ક્યારેય તમે વિવિધ નગરે ખસ્યા,
ગરીબ દીકરીના બાપ બની તમે સૌના દિલમાં વસ્યા......................અંધારા ઓઢયા છે જેને..........(૫)
વંદન છે અમ સહુના તમને તમે અમારા દેવ,
પ્રસંગે સદા હાજરી તમારી તમે ખવડાવો મેવ,
સમાચાર મળતા લગ્ન તણા તમે પ્રેમે સ્નેહે ધાયા........................અંધારા ઓઢયા છે જેને..........(૬)

લિ. પંકજ કે. ડગલી

Sponsored by Classic STEELS MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)

## ૨૯ માં લગ્નોત્સવની વિશેષતાઓ

સંસ્થા દ્વારા દરવર્ષે યોજાતા અંધકન્યાઓના લગ્નોત્સવની વિવિધ વિશેષતાઓ આપણને જોવા મળે છે. આ વર્ષે પણ અંધકન્યાઓના શ્રી કાંતિલાલ પ્રેમજીભાઇ મારૂ ''ગીજુભાઇ'' કારાઘોઘા(કચ્છ) હાલ. માટુંગા મુંબઇના સૌજન્યથી આ પાંચમી વખત લગ્નોત્સવ યોજાઇ છે. આમ તો એકજ દાતા તરફથી યોજાતા આ લગ્નોત્સવના સૌજન્ય દાતા તરીકે શ્રી ગીજુભાઇએ અનોખી સખાવત કરી છે. તે ખરેખર નોંધનીય બાબત છે.

પ્રજ્ઞાચક્ષુના લગ્ન થવા તે સૌથી મોટી વિશેષતા છે. પ્રજ્ઞાચક્ષુઓનો સમુહ લગ્નોત્સવ એ પણ જગતની અજાયબી છે. પ્રજ્ઞાચક્ષુઓ પરણીને સુખી થાય છે તે ખૂબ મોટી વાત છે. પ્રત્યેક માણસને જેમ સહારાની જરૂર છે તેમ પ્રજ્ઞાચક્ષુ પણ સહારો ઝંખે છે. સર્વાંગ સંપૂર્ણ વ્યક્તિને પણ ટેકાની જરૂર છે ત્યારે પ્રજ્ઞાચક્ષુ તો ચક્ષુ ગુમાવી બેઠેલો હોય તેને સહારાની વધારે જરૂર પડે છે. પણ આનંદની વાત એ છે કે જેમને સહારાની જરૂર છે તેઓ સ્વંય એકબીજાની સાથે લગનગાંઠે બંધાઇ એકબીજાનો સહારો બને છે. આ લગ્નોત્સવમાં પરણનાર વર અને કન્યા બંને અંધ છે. છતાં એકબીજાના સહારે જીવી જાય છે તે ખરેખર મોટી વાત છે. તા. ૨૧-૦૧-૨૦૨૪ ના રોજ રોજાનાર લગ્નોત્સવમાં પણ કેટલીક નોંધની વિશેષતાઓ છે જે આ પ્રમાણે છે.

(૧) આ લગ્નોત્સવમાં ભુમિ જીડીયા નામની જે દીકરી લગ્નગાંઠે બંધાવાની છે તે દીકરી નાનપણથી જ સંસ્થામાં ભણેલી છે. તેનુ સંપૂર્ણ ઘડતર આ સંસ્થા પરિવારમાં જ થયું છે. આ દીકરી ગ્રેજ્યુએટ તો થઇ છે સાથે સાથે તેણે કોમ્પ્યુટર અને બ્યુટીપાર્લરનુ પણ સારૂ જ્ઞાન છે. આ દીકરીમાં નેતૃત્વના અનોખા ગુણ છે. સંસ્થાની બાળાઓમાં શિસ્ત અને એકતાના ગુણો જાગે તે માટે તેણે સારા પ્રયાસો કર્યા છે. તેનામાં સેવાભાવના પણ વિશેષ જોવા મળી છે. તેની સેવાભાવના તથા કુશળતાને કારણે તેના લગ્ન જે અંધયુવકની સાથે થવાના છે. તે અંધ યુવક અમરેલી ખાતેની બૈંકમાં નોકરી કરે છે. આ યુવાન પણ ખૂબ ઉત્સાહી છે. જ્યારેથી તેનુ નક્કી થયું ત્યારથી તે અવાર નવાર તેની ભાવી પત્નિને ચિજવસ્તુઓ, ખાદ્યપદાર્થો, આભુષણો, સૌદર્ય પ્રસાધનો વગેરે મોકલતો રહ્યો છે. વખતો વખત રૂબરૂ મુલાકત માટે પણ તે આવી ચુક્યો છે. આ દિકરો પણ સંસ્કારી અને લાગણીશીલ છે અને અમરેલીની સંસ્થામાં મારી પાસે ભણ્યો હોય મારો વિદ્યાર્થી પણ છે. તેથી અમારે બંનેને બન્ને તરફના સંબંધો છે. આ યુવક ગીતેન્દ્ર અમારો ખૂબ આદર કરે છે. તેને સંસ્થાના નિયમો અને શિસ્તનુ પુરૂ ધ્યાન રાખીને તેની લાગણીઓ વ્યક્ત કરી છે અને લગ્ન પછી પણ તેના વતનમાં અમરેલી જીલ્લામાં તે જમણવાર યોજે ત્યારે મને આ કાર્યક્રમમાં ફરજીયાત હાજર રહેવાની આગ્રહ ભરી સુચના છે. ત્યારબાદ તે હું જે સંસ્થામાં ૨૬ વર્ષ કામ કરી ચુક્યો છું તે અમરેલીની અંધશાળામાં પણ જમણવાર કરવાનો છે. તેથી મારે બે વખત અમરેલી ધક્કો થશે પણ ગૌરવ સાથેની મારી આ સફર મને થાકને બદલે આનંદ આપશે. તેવી મને પુરી શ્રધ્ધા છે.

૨) આ લગ્નોત્સવમાં જોડાનાર બીજી પ્રજ્ઞાચક્ષુ કન્યા લીબડી ખાતે બૈંકમાં નોકરી કરે છે. તેને ઇશ્વરની કૃપાથી થોડી દ્રષ્ટી મળી છે. તેનો પતિ પણ થોડી દ્રષ્ટી ધરાવે છે. તેથી તે અમદાવાદ ખાતેના પેટ્રોલ પંપ પર પોતાની અણમુલ સેવાઓ આપી રહ્યો છે. લીબડી બૈંકમાં નોકરી કરતી હિના નામની આ દીકરી આ સંસ્થાની જ વિદ્યાર્થીની છે. તેણે પણ ઘણો સમય આપણી સંસ્થામાં વિતાવ્યો છે. બૈંકની નોકરી હોય આ દીકરી આર્થિક રીતે સુખી છે તે પણ આનંદની વાત છે.

૩) આ લગ્નોત્સવમાં જોડાનાર યુવક હરેશ ઉમરગામ ખાતેની વી.એન.પી કંપનીમાં કામ કરે છે. તે પ્રતિમાસ ૧૨ થી ૧૩ હજાર રૂપિયા કમાઇ છે. વી.એન.પી કંપનીમાં આપણા ૩૦ પ્રજ્ઞાચક્ષુ કામ કરી રહ્યાં છે. આ કંપનીના માલીક શ્રી દિપેનભાઇ અને ફેક્ટરીના વહીવટમાં મુખ્ય ભુમિકા ભજવતા શ્રી મિશ્રા સાહેબ અંધજનો પ્રત્યે અનોખી લાગણી ધરાવે છે. આ હરેશને પ્રભુએ થોડી દ્રષ્ટી આપી છે. તે જે યુવતિ સાથે લગ્ન કરનાર છે તે યુવતિ સંપૂર્ણ વિકલાંગ છે. તેને પગની તકલીફ છે. એટલે આંખની તકલીફ વાળા અને પગની તકલીફ વાળાનો સુંદર સુમેળ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહેનાર સૌને જોવા મળશે. આ દીકરીને ફેરા કઇ રીતે ફેરવવા તે પણ એક વિચાર માંગી લે તેવી બાબત છે.

૪) આ લગ્નોત્સવમાં જોડાનાર ચોથુ નવ દંપતિ પણ ખૂબ વિશેષ છે. આપણી સંસ્થામાં જે વર્ષોથી રહે છે તેવી ગીતા ખીમસુરીયા નામની આ દીકરીનુ લગ્ન આપણે પહેલા કચ્છમાં રાપર મુકામે કરેલુ પણ યુવક કઇપણ પ્રકારનો કામધંધો કરતો ન હોય, અતિ આળસુ હોય તથા તેની વર્તણુક યોગ્ય ન હોય. આપણે છૂટાછેડા લીધેલ છે. આ પ્રજ્ઞાચક્ષુ દીકરીએ તેના પૂર્વ પતિને કાર્યરત કરવા માટે તેની મુડીના આસરે ૫૦ હજારથી પણ વધારે રૂપિયા ખર્ચેલ છે. છૂટાછેડા વખતે પણ આ યુવકે સંસ્થાએ આપેલો સામાન સંસ્થાને પરત કર્યો નથી. આવી હલ્કી વૃતિના યુવક સાથે જીવવુ કપરૂ છે. તેથી તેનાથી છૂટકારો કરીને આપણે આ યુવતિના પુનઃલગ્ન લક્ષ્મીનગર મોરબી મુકામે આપણી સંસ્થામાં રહીને કામ કરતા યુવક શ્રી છોટુ સાથે કરવાનુ નક્કી કર્યુ છે. છોટુ બિહારનો છે તે આપણા પરિવારમાં ખૂબ સારી રીતે ભળી ગયો છે. તેની ઉંમર પણ આસરે ૩૮ વર્ષ થઇ ચુકી છે. તેની ઘર સંસાર માંડવાની તિવ્ર ઇચ્છા તે મને વારંવાર ફોન પર વ્યક્ત કર્યા કરતો હતો. કૃષ્ણ ભગવાનના યાદવકુળનો આ યુવક ખૂબ લાગણીશીલ છે. તે આસરે પ્રતિદિન ૩૮૦ રૂપિયા કમાઇ છે. તેની નાનકડી કમાણીમાંથી આસરે રૂપિયા એક લાખ જેવી બચત પણ કરી છે. તે અમને પતિ-પત્નિને માતા-પિતા સમાન સમજતો હોય મમ્મી અને પપ્પા કહીને જ અથવા પિતાજી કહીને જ સંબોધે છે. તેના લગ્ન માટે અમને ખૂબ ચિંતા હતી. તેના માટે યોગ્ય પાત્ર મળવુ અઘરૂ અને કપરૂ હતુ. યુવકને આ દીકરી અંગે પુરતી માહીતી આપતા તેણે અમારા પર સંપૂર્ણ શ્રધ્ધા રાખી તેની સાથે જોડાવાનુ નક્કી કર્યુ છે. દીકરી વણકર સમાજની હોવા છતાં તથા પુર્નલગ્ન કરતી હોવા છતા તેને કોઇપણ જાતનો ઇન્કાર કર્યો નથી. હાલમાં લક્ષ્મીનગર મોરબી ખાતે સંસ્થા પાસે ફ્લેટ નથી પણ સંસ્થા કુસુમબેન અમૃતલાલ દોશી પ્રજ્ઞાચક્ષુ પુનર્વસન સેવાકેન્દ્ર અંતર્ગત સંસ્થાથી નજીકમાં જમીન મેળવીને ૫૬ ફ્લેટનુ બાંધકામ કરી રહી છે. તે બાંધકામ હવે પૂર્ણતાના આરે છે. આમ છતાં રસ્તાની અને પાણીના નિકાલની સમશ્યાઓને કારણે થોડો સમય લાગે તેમ છે. તેથી લગ્ન પછી પણ દીકરી ગીતાને સુરેન્દ્રનગર રહેવુ પડશે. હાલમાં આ મકાનોના ઝડપી ચણતર માટે પ્રજ્ઞાચક્ષુ પુનર્વસન સેવાકેન્દ્ર લક્ષ્મીનગર મોરબીની સ્થાનીક સમીતીના સભ્યો શ્રી હાતીમ રંગવાલાના નેતૃત્વમાં પ્રયત્નશીલ છે. મને જણાવતા આનંદ થાય છે કે આ ઇમારતનું એક કરોડનુ દાન ડો. કુસુમબેન અમૃતલાલ દોશી તરફથી પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત મોરબીના ઘણા સદ્‌ગ્રહસ્થોએ સ્થાનિક સમીતીના સભ્યોની મહેનતથી ઘણું દાન આપેલ છે. સંસ્થા હજુ બીજા ૫૬ ફ્લેટનુ નિર્માણ કરવા ઇચ્છે છે જે સમય આવતા થશે. પણ આનંદ એ વાતનો છે કે લક્ષ્મીનગર મોરબી ખાતે શ્રી હાતીમ રંગવાલાના નેતૃત્વમાં સ્થાનિક ટ્રસ્ટીઓની મહેનતથી જે કામ થયુ છે તે વિશ્વમાં ક્યાંય જોવા મળતું નથી. આ માટે અમારા આશિર્વાદ સદાય તેમની સાથે છે અને રહેશે. પણ આ પ્રજ્ઞાચક્ષુ યુગલો જે કિલ્લોલ કરે છે તે જ્યારે ત્યાં જઇએ ત્યારે જોવાની ખૂબ મજા આવે છે. હૈયુ આનંદથી છલકી ઉઠે છે. ભુતકાળમાં પણ જે દાતાઓએ પહેલી ઇમારત બનાવવા માટે દાન આપ્યુ છે અને હાલ પણ જે ઇમારત ચણાઇ રહી છે તેના માટે જે જે દાતાઓએ દાન આપ્યુ છે. તેમને ખરેખર જબરજસ્ત આશિર્વાદ મળશે. હાલમાં જે યુગલો રહે છે તેના આશિર્વાદ તો અવિરતપણે દાતાઓ સુધી પહોચી રહ્યાં છે. પૂર્વ બનેલી એક ઇમારત માટે સી.યુ.શાહ ફાઉન્ડેશન મુંબઇ તરફથી રૂપિયા ૫૧ લાખ તથા શ્રી અશ્વિનભાઇ પંચમીઆ પરિવાર મુંબઇ તરફથી પણ રૂપિયા ૫૧ લાખ મળેલ હોય. પૂર્વના સૌ દાતાઓ તથા વર્તમાનના સૌ દાતાઓના અમે આભારી છીએ. અમારા અંધ દિકરા દીકરીઓને આપે આપના સમજીને તેમના માટે વાત્સલ્ય વહાવ્યું છે. આ માટે અમે બધા તમારા ઋણી છીએ. પરમ કૃપાળુ પરમાત્મા સૌ દાતાઓને અનોખી સુખાકારી અને તંદુરસ્તી સાથેનુ દિર્ઘાયુ તથા સમૃધ્ધિ આપે તથા સંસ્થા પરિવારના સૌ ટ્રસ્ટીઓ અને કાર્યકર્તાઓને પણ શક્તિ અને સમર્થતા, સુખ અને સમૃધ્ધિ તથા દિઘાર્યુ બક્ષે એજ અમારી નમ્ર પ્રાર્થના છે.

આ રીતે વિશેષતાઓથી ભરેલો આ અંધકન્યાઓનો સમુહ લગ્નોત્સવ રંગીન ઉત્સવ બનશે અને આ વરકન્યાઓ લગ્નગાંઠે બંધાઇ તેમનુ સફળ સુખીજીવન જીવશે તેવી પુરી શ્રધ્ધા છે.

લિ. પંકજ કે. ડગલી

Sponsored by
Classic STEELS
MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)



# અંધજનોના લગ્ન કરવામાં ઉભી થતી અડચણો

આપ જાણો છો કે છેલ્લા ઘણા વર્ષો થી આપણી સંસ્થા અંધજનોના લગ્ન કરે છે. જગતમાં ઘણી જગ્યાએ સમુહ લગ્ન થાય છે. પણ લગ્ન થયા પછી લગ્નગાંઠે બંધાનાર વર-કન્યાઓના સુખી કે દુઃખિ સંસાર જીવનની કોઇ પાસે માહીતી હોતી નથી. તેથી આપણી સંસ્થાનું કામ વિશિષ્ટ છે. આપણો લગ્ન પછી પણ આ વર-કન્યાઓ સાથેનો નાતો અતૂટ રીતે બંધાયેલો રહે છે. આ કન્યાઓ પરણીને સાસરે ગયા પછી પણ સંસ્થાને પોતાનું પિયર માનીને આવે છે અને સંસ્થા તેની યોગ્ય રીતે આગતા-સ્વાગતા પણ કરે છે. સંસ્થા જે કરે છે તેની સામે વાલીઓની ફરજ નગણ્ય છે. નેત્રહીન ભાઇ-બહેનો બચપણથી જ સમાજના ખર્ચે ભણતા હોવા છતાં વાલીઓ જ્યારે ખરો સમય આવે છે ત્યારે અંધને ઉપયોગી થવા કરતા નડતરરૂપ વધારે થાય છે. આ અંધજનોના લગ્ન કરવામાં કેટલી સમસ્યાઓ છે તેની વિગત આ લગ્ન વિશેષાંક હોય પ્રસ્તુત કરતા આનંદ અનુભવીએ છીએ.

આ વર્ષે થનાર લગ્નોત્સવમાં જોડાનાર કેટલાંક યુવક યુવતિઓ માટે સમશ્યા તો છે જ પરમાત્મા આ સમશ્યાઓનો ઉકેલ કરે અને આ પ્રજ્ઞાચક્ષુ નવ દંપતિઓ સુખરૂપ લગ્નજીવનમાં જોડાઇ એવી ખાસ આપણી સૌની મનોકામના છે.

(૧) આ લગ્નોત્સવમાં જોડાનાર ગીતા ખીમસુરીયા વણકર સમાજની છે. તેના પિતાની હાજરી નથી પણ માતા હઠ લઇને બેઠા હોય તેઓ ઇચ્છે છે કે દીકરી ફરી ન પરણે એક તો જ્ઞાતિનો પ્રશ્ન સૌથી મોટો છે. આપણે ૨૧ મી સદીમાં પ્રવેશ્યા છીએ. આપણે આધુનિક છીએ તેવુ કહેવડાવીએ છીએ. પણ જ્ઞાતિના બંધોને આપણે છોડી શકયા નથી. ગીતા વણકર સમાજની છે, છોટુ યાદવકુળનો છે. વણકર સમાજના વાલીઓ ઉચ્ચ જ્ઞાતિમાં ભળીને સમાજની મુખ્યધારામાં વહેવા ઇચ્છતા નથી. ખરેખર અંધ સમાજમાં કોઇ જ્ઞાતિ ન હોવી જોઇએ. અને માતા-પિતાએ પણ જ્ઞાતિનો હઠાગ્રહ છોડવો જોઇએ અને સંસ્થાને ખુશી ખુશીથી સંમતિ આપવી જોઇએ. પણ આવુ બનતું નથી. છેવટે આ દિકરા દીકરીઓને તેમની વિરૂધ્ધમાં જઇ લગ્ન કરવા પડે છે. માતા-પિતાને દેવા લેવાનુ કંઇ નથી. માત્ર આશિર્વાદ આપવાના છે. છતાં તેઓ આવુ કરી શકતા નથી. મદદરૂપ થવાને બદલે અડચણરૂપ થવામાં તેમને વધારે રસ હોય છે. દીકરીઓને ઘેર ગમતું નથી. પ્રવૃતિ વિનાનુ જીવન સુસ્ક અને નિરશ લાગે છે તેથી તેઓ સંસ્થામાં રહેવાનુ પસંદ કરે છે. પણ જે યુવતિમાં શકિત અને સામર્થ્ય છે તે સંસ્થા પર આધારીત જીવન જીવવા ઇચ્છતી નથી કે ઘરના ખૂણે બેસીને ઘરનાને બોજારૂપ થવા ઇચ્છતી નથી. તેને પોતાનુ ઘર અને પોતાના સંસારની ઝંખના છે. તેથી તેની ઇચ્છાઓને માન આપીને અમારે આવા લગ્નો કરવા પડે છે.

(૨) સંસ્થાની નેત્રહીન બાળા જે હાલ લીંબડીની બૈંકમાં નોકરી કરે છે. તેના વાલી પણ તેની ઇચ્છા પ્રમાણેના લગ્ન થવા દેવા ઇચ્છતા નથી. તેઓ અંધ દીકરીને કોઇ દ્રષ્ટીવાન તેમની જ જ્ઞાતિના યુવક સાથે પરણાવવા ઇચ્છે છે. પણ અંધાપાને કારણે અંધ સાથે જીવવા ટેવાયેલી આ દીકરી કોઇ દ્રષ્ટીવાન સાથે જીવી શકવા માટેની સર્મથતા ધરાવતી નથી. આ દીકરીને લગ્ન કરતી અટકાવવા માટે ભાવાત્મક તથા જબરજસ્તી પૂર્વકના દબાણો થઇ રહ્યાં છે. પણ આ યુવક યુવતિ તેમના નિર્ણયમાં અડગ છે. તેથી તેઓને લગ્નગાંઠે બંધાવવામાં તકલીફ જરૂર પડશે અને સંસ્થાને પણ ઘણું સહન કરવું પડશે. પણ કપરા સંજોગોમાં જેમ દરવર્ષે ઇશ્વરનો સાથ મળે છે તેમ આ વર્ષે પણ સાથ મળશે તેવી શ્રધ્ધાથી અમે આ લગ્ન માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પ્રભુ આ દીકરીનુ રક્ષણ કરે તેવી અમે પ્રાર્થના કરીએ છીએ. હિન્દીમાં એક દુહો છે કે જાકો રાખે સાંઇયા માર શકે ન કોઇ, બાલ ન બાંકા કરી શકે જો જગ બૈરી હોય. એટલે કે જેને રામનુ રક્ષણ હોય તેને કોઇ કાંઇ કરી શકતુ નથી. આ દીકરીને તેના નિર્ણયમાંથી ડગાવવા માટે ભુવા, ભારાડી અને મેલી વિદ્યાના પણ પ્રયોગો થઇ રહ્યાં છે. પણ ભગવાન કે માતાજી બુરૂ કરનારને સાથ નથી આપતા ભલુ કરનારને સાથ આપે છે. આપણે ભલુ કરીએ છીએ તેથી આપણને સાથ મળશે. તેવી શ્રધ્ધાથી અમે આગળ વધી રહ્યાં છીએ. હે પરમકૃપાળુ પરમાત્મા તુ અમને સફળતા માટે સહાય કરજે. તુ અણ સમજુ વાલીઓને સદબુધ્ધિ આપજે. તુ અમને સમર્થ લોકોના સહકાર માટે પ્રેરણા પુરી પાડજે. ગયા વર્ષે જે લગ્નોત્સવ યોજાયો તેમા છાયા ઉડેશા નામની દીકરીના વાલીનો આવો જ વિકટ પ્રશ્ન હતો. પણ તેમના કેટલાંક સગાઓ સમજુ હોય તેમણે અમને સહકાર આપવાની પુરી ખાત્રી આપી અને છાયાને પણ તેમના ઘેર આવવા જવા માટેની પુરી પરવાનગી આપી. પરીણામે તેના માતા-પિતા અને અન્ય સગાઓ પણ ઢીલા પડયાં અને અમદાવાદ લગ્નોત્સવમાં હાજરી આપીને રાજી થયા. આવા ચમત્કારની ઝંખના અમારા મનમાં છે. પરમાત્મા જરૂર આવો ચમત્કાર કરીને અમને સહકાર આપશે તેવી પુરી શ્રધ્ધા છે.

આવી અડચણો વચ્ચે મહામુશ્કેલીએ વરકન્યાના ચાર જોડા તૈયાર કરી શકયાં છીએ. અગવડતા અને અડચણ પ્રસંગો સાથે વણાયેલી હોય છે. અગવડતા અને અડચણ જીવન સાથે પણ વણાયેલા છે. પણ અગવડતામાં પણ સગવડતા અનાયાશે ઉભી થઇ જાય છે તે ઇશ્વરીય ચમત્કાર છે. જેની ભાવના શુધ્ધ અને શુભ છે તેને ઇશ્વર સહાય કરે છે. બુરી ભાવના ધરાવનાર લોકોને છેવટે હાર સ્વીકારવી પડે છે. બુરી ભાવના ધરાવનાર લોકોના હાથ હેઠા પડે છે. સંસ્થા પરિવાર અને સમાજ નિસ્વાર્થ સેવા કરે છે. દાતાઓ દાન આપીને તેમનો કોઇ સ્વાર્થ સિધ્ધ કરવા માંગતા નથી. સૌ કલ્યાણકારી રસ્તે આગળ વધે છે અને કામ કરે છે. જેમને સ્વાર્થ હોય છે તે અડચણરૂપ થાય છે. નિસ્વાર્થીઓ તો સહાતભુત થવામાં જ તેમના જીવનની સાર્થકતા સમજે છે. અડચણોમાં જ્યારે અજવાળા થાય છે ત્યારે આનંદ વ્યાપી જાય છે. અગવડમાં જ્યારે સગવડ ઉભી થાય છે ત્યારે અનોખી ખુશીનો અનુભવ થાય છે. આવી ખુશીનો અનુભવ જરૂર થશે તેવી પૂર્ણ શ્રધ્ધા છે. અમારી પાસે આંખના અજવાળા નથી પણ આશાના અજવાળા છે. અંધારા રસ્તામાં મુસાફરનો હાથ ભગવાન પકડે છે. તેમ અડચણોમાં પણ અમને ઇશ્વરીય સહાયતા સદા મળતી રહેવાની છે તેવી અડગ શ્રધ્ધા સાથે અમે આ કાર્ય ઉપાડયું છે. જે પુરૂ થશે તેવી પૂર્ણ શ્રધ્ધા છે. પરમ કૃપાળુ પરમાત્મા લગ્નગાંઠે બંધાનાર સૌને સુખી રાખે તેજ પ્રાર્થના......

લિ. પંકજ કે. ડગલી

તા. ૨૧-૦૧-૨૦૨૪ ને રવિવારના રોજ સંસ્થા દ્વારા લગ્ન કરનાર અંધકન્યાઓના ૨૯ માં લગ્નોત્સવના સૌજન્યદાતા **કાંતીલાલ પ્રેમજીભાઈ મારૂ "ગીજુભાઈ"** કારઘોઘા (કચ્છ), હાલ માટુંગા મુંબઈ, તરફથી સંપૂર્ણ કરીયાવર અપાશે.

| ક્રમ | વસ્તુનું નામ |
|---|---|
| ૧ | ઢાકણું-૧, કુકર-૨ (ડબલ કુકરનો સેટ) |
| ૨ | વાસણનો ઘોડો (૧૨ થાળીનો) |
| ૩ | કેશરોલ (ગરમ રોટલીનો જાકરીયો) |
| ૪ | મસાલીયુ (મસાલાનો ડબ્બો) |
| ૫ | સ્ટીલનો લિંબુના રસનો સંચો, સ્ટીલનો મોસંબીના રસનો સંચો |
| ૬ | ચાની કિટલી (ઉભા ઘાટની) |
| ૭ | સ્ટીલની ટ્રે (૬-ગ્લાસની) ડીઝાઈનવાળા ગ્લાસ નં. ૬ |
| ૮ | ભાત ઓસાવાનો જારો |
| ૯ | માટલા માંથી પાણી લેવાનો ડોયો |
| ૧૦ | ભાતીયુ, દાળ ચમચો, નાના-મોટા પાન ચમચા-૨, ગોળ ઉંડા ચમચા-૨, ચીપીયો,<br>તળવાનો જારો સાદો-૧, પૌવા તળવાનો નીચે ડબલ રિંગવાળો સ્પ્રિંગ જારો-૧, તવેથો, સાણસી,<br>ચા ગળવાની ગળણી,<br>માંટલા નીચે મુંકવાનો સ્ટીલનો કાંઠો, છરી નંગ-૨, તેલ કાઢવાનું પાવળુ, ચમચી નંગ-૧૨,<br>વઘારીયુ, ચમચા તથા ચમચીનું સ્ટેન્ડ, છાલ ઉતારવા માટે (પોટેટો પીલર), સાદી ઝેરણી |
| ૧૧ | ગોળ ઢાંકણ (બુજારૂ) |
| ૧૨ | નાની ખમણી, મોટી ખમણી, કુલ ૨ નંગ ખમણી |
| ૧૩ | પુરી મશીન ૪-નંબર |
| ૧૪ | પુજાનો સેટ, ત્રાંબાની લોટી, દિવેલીયુ, ઘંટડી, કંકાવટી, ડીશ |
| ૧૫ | પાણીનો સ્ટીલનો જગ ઢાંકણા વાળો |
| ૧૬ | તેલની પાટુડી તથા ઘીની પાટુડી |
| ૧૭ | ખંડણી-દસ્તો મિડીયમ સાઈઝનાં (એલ્યુમીનીયમનાં) |
| ૧૮ | લોટા-૨ |
| ૧૯ | લોટ ચાળવાની ચારણી (સ્ટીલનો આંક) |
| ૨૦ | ગેસ સ્ટવ તથા લાઈટર |
| ૨૧ | લાકડાનાં પાટલી તથા વેલણ |
| ૨૨ | વેફર પાડવા માટે સાદુ ચોરસ મશીન (અલગ-અલગ બ્લેડવાળુ નહિં) |
| ૨૩ | બોઘેણી |
| ૨૪ | ઢોકળીયું |
| ૨૫ | સ્ટીલનું બેડુ, સ્ટીલનો કાઠો તથા ઢાકણ |
| ૨૬ | ચાની તપેલી (હેન્ડલ વાળી) |
| ૨૭ | હાંડી સેટ નંગ-૩ |
| ૨૮ | મિલ્કેન નાના-મોટા-૨ નંગ |
| ૨૯ | ટીફીન ૨ ખાનાવાળું - ૧ નંગ તથા ૪ ખાના વાળું - ૧ નંગ કુલ ૨ નંગ ટીફીન |
| ૩૦ | સ્ટીલની ડોલ નંગ-૧ |
| ૩૧ | સ્ટીલનાં ડબ્બા ચોરસ (૪-નંગ) |

Sponsored by
Classic STEELS MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)

| ક્રમ | વસ્તુનું નામ | ક્રમ | વસ્તુનું નામ |
|---|---|---|---|
| ૩૨ | એલ્યુમીનીયમનું ૧-નાનું તથા ૧-મોટું કુલ ૨-નંગ લોયા | ૬૦ | ૧-કિલોની બરણી એવી પ્લાસ્ટીકની-૧૨ બરણીનો સેટ |
| ૩૩ | સ્ટીલની કથરોટ ૧-નંગ (લોટ બાંધવાની) | ૬૧ | ડબલ કપડા વાળી પાણીનું ગળણું |
| ૩૪ | સ્ટીલનો ત્રાંસ ૧-નંગ | ૬૨ | પ્લાસ્ટીકની બોટલ નંગ-૩ |
| ૩૫ | થાળી-૧૨, વાટકી-૧૨, શાકની પ્લેટ-૧૨, ગ્લાસ-૧૨, ચમચી-૧૨, ચટણીની ડીશ-૧૨ | ૬૩ | ગરમ ચા-દુધ માટે થર્મશ |
| ૩૬ | સૌથી નાનો ૧-કીલોનો એવા ૬-ગોળ ડબ્બાનો સેટ | ૬૪ | મુખવાસ દાની |
| ૩૭ | ઘસીને વાસણ મુંકવાની સ્ટીલની ખાટલી | ૬૫ | ડીનર સેટ |
| ૩૮ | રોટલી શેકવા માટેની એલ્યુમીનીયમની હેન્ડલવાળી લોઢી | ૬૬ | સોય દોરાનો ડબ્બો |
| ૩૯ | શાકભાજી તથા ફ્રુટ મુંકવા માટે સ્ટીલના સ્ટેન્ડ-૨ | ૬૭ | ૧ કન્યા દિઠ બેસવા માટે પ્લાસ્ટીકની ખુરશી (૪-નંગ) |
| ૪૦ | ઠંડા પાણીની સ્ટીલની બોટલ | ૬૮ | એકસેલ કંપનીની ૨૪ ની સાઈઝની સુટકેશ |
| ૪૧ | ૨ કીલો તેલ સમાય તેવી બરણી તથા ૧ કીલો ઘી સમાય તેવી બરણી કુલ ૨ બરણી | ૬૯ | કપડા માટેની ટ્રોલી બેગ |
| ૪૨ | નાસ્તાની સ્ટીલની ડીશ | ૭૦ | કપડા માટેનો બગલ થેલો નંગ-૧ |
| ૪૩ | કોપર લોયુ ઢાંકણા સહિત | ૭૧ | કટલેરી |
| ૪૪ | બેસવાનો પાટલો (સ્ટીલનો) | ૭૨ | ટુવાલ સેટ (ટુવાલ-૨, નેપકીન-૨) |
| ૪૫ | ચા-ખાંડ, મસાલાના ડબ્બા નંગ-૩ | ૭૩ | ૪/૬ના ગાદલા ઉપર થઈ જાય એવો ઓછાડ (ગાદલા પર પાથરવાની ચાલર અને ઓસીકા-૨ કવરનો સેટ) |
| ૪૬ | નોન સ્ટીક લોઢી (ઢોંસાની) | ૭૪ | બ્લેન્કેટ ડબલ બેડનાં |
| ૪૭ | ૬ તપેલી છીબા સાથે સેટ | ૭૫ | સોલાપુરી ચાદર નંગ-૨ |
| ૪૮ | સર્વિન્ગ બાઉલ સ્ટીલના ૩ નો સેટ | ૭૬ | ગરમ સાલ, સ્વેટર તથા સ્કાફ |
| ૪૯ | ચીલી કટર | ૭૭ | ૩/૬ ની શેતરંજી અથવા ગાલીચો (જમીન પર પાથરવા માટે) |
| ૫૦ | માં માટલાની આઈટમ - સ્ટીલની કોઠી (૧૮ની સાઈઝની ટાંકી), તોરણ | ૭૮ | આશન નંગ-૧૨ |
| ૫૧ | કંસારના વાસણનો સેટ | ૭૯ | પાનેતર સાથે ૧૧ જોડી સાડી બ્લાઉઝ, ચણીયા સાથે |
| ૫૨ | બ્લેન્ડર | ૮૦ | ૫-જોડી ડ્રેસ |
| ૫૩ | ઈસ્ત્રી | ૮૧ | ૪/૬ નો પેટી પલંગ, ૧-ગાદલું, ૨-ઓશીકા |
| ૫૪ | મિક્ષ્ચર | ૮૨ | ટીપોઈ (વુડન ટીપોઈ) |
| ૫૫ | પંખો | ૮૩ | તિજોરી કબાટ (ફુલ સાઈઝ) |
| ૫૬ | અંધ વ્યક્તિને સારી રીતે ઉપયોગમાં આવેતે માટે મ્યુઝીક ડંકાવાળી દિવાલ ઘડિયાળ | ૮૪ | સોનાની બુટી |
| ૫૭ | સ્ટીલના કપ-રકાબી નંગ-૬ (ચા-કોફી માટે) | ૮૫ | નાકની ચુંક |
| ૫૮ | ઠંડુ પાણી રે એવા નળ વ્ળો જગ પ્લાસ્ટીકનો (મિલ્ટેન કંપનીનો) | ૮૬ | ચાંદીનું મંગલ સુત્ર |
| ૫૯ | બાથરૂમ સેટ (ડોલ, ટમ્બડર, સાબુદાની, બ્રશ તથા ઉલીયાનું સ્ટેન્ડ, પાટલો) | ૮૭ | ચાંદીની પાયલ |
| | | ૮૮ | ચાંદીના કંગન |
| | | ૮૯ | પગના વેઢ ચાંદીના |
| | | ૯૦ | વરરાજાની શેરવાની તથા મોજડી |
| | | ૯૧ | ફ્રિજ (૧૯૦ લિટર) |

## પરણનાર અંધકન્યાઓ માટેનું કાયમી વસ્ત્ર-સૌજન્ય

**શ્રી કિશોરભાઈ પંચમીયા પરિવાર (જયશ્રી સાડી-રાજકોટ)**

Sponsored by Classic STEELS MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)

# માંગલિક પ્રસંગમાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા મહાનુભાવોએ નીચેના મહાનુભાવોનો સંપર્ક કરવા વિનંતી

## • સંપર્ક •

**પ્રમુખશ્રી નવિનભાઈ અમૃતલાલ મણીયાર : ૦૯૩૨૩૩ ૯૮૬૧૦**
**ટ્રસ્ટીશ્રી રસીકભાઈ અમૃતલાલ મણીયાર**

શાહ એન્ડ શાહ એસોસિએટ્સ, એ-બ્લોક, વાનખેડે સ્ટેડિયમ, શશી પ્રભુ ઓફીસ પાસે, ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦. (ઓ.) ૦૭૦૪૫૯ ૪૫૪૯૫

## • અમદાવાદ •

| | | |
|---|---|---|
| **શ્રી પંકજભાઈ વોરા** | **શ્રી મુકેશભાઈ વોરા** | **શ્રી કાંતીભાઈ પટેલ** |
| મો. ૯૪૨૭૦ ૬૬૦૭૭ | મો. ૯૪૨૭૦ ૬૬૬૯૬ | મો. ૦૯૩૭૭૫ ૯૦૮૯૮ |

## • અમરેલી •

**શ્રી હરૂભાઈ બાટવીયા** (પ્રેરણા', પોસ્ટલ સોસાયટી, દત્ત મંદિર પાછળ, ચિતલ રોડ, અમરેલી. મો. ૬૩૫૧૨ ૯૧૧૩૭)

## નિમંત્રક

**પ્રમુખ**
શ્રી નવિનભાઈ એ. મણીયાર

**ઉપપ્રમુખ**
શ્રી રસીકભાઈ એ. મણીયાર
ડો. કે. એલ. મહેતા



**મંત્રીશ્રી**
પદ્મશ્રી મુક્તાબેન પી. ડગલી

**સહમંત્રીશ્રી**
શ્રી રીનાબેન વી. જસાણી

## ટ્રસ્ટીગણ

શ્રી રોહિતભાઈ વી. શાહ
શ્રી પ્રવિણભાઈ ગંભીરભાઈ શાહ
શ્રીમતી મીનળબેન આર. શાહ
શ્રી પંકજભાઈ કે. વોરા
શ્રી પ્રવીણચંદ્ર આત્મારામ શાહ
શ્રી વિક્રમભાઈ શાહ
શ્રી પંકજભાઈ કે. ડગલી
શ્રી મુકેશભાઈ પી. વોરા
શ્રી ધનવંતીબેન છાડવા
શ્રી મહેશભાઈ વી. શાહ
શ્રીમતી નીતાબેન શશીકાંતભાઈ તન્ના
શ્રી શશીકાંતભાઈ તન્ના
શ્રી તારકેશ્વર લુહાર

## શુભ સ્થળ

સ્થળ : સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ
દાદા ભગવાન મંદિર પાસે, જલારામ પેટ્રોલ પંપ સામે, મુળી રોડ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૨૦
ફોન નં :- ૭૦૯૬૬૦૯૯૧૫, ૮૭૫૮૬૭૧૮૬૩, ૭૬૯૮૭૪૩૦૯૩
શ્રીમતિ મુક્તાબેન ડગલી મો. ૯૪૨૯૨૮૦૦૩૪/ શ્રી પંકજભાઇ કે. ડગલી મો. ૯૪૨૬૨૪૫૩૭૩
શ્રી રીનાબેન વી. જસાણી મો. ૯૪૦૮૮૮૮૫૪૦

Sponsored by
Classic STEELS MUMBAI 04
PROP. Kantilal Maru (Gijubhai)



સતત ચાર વખત લગ્નોત્સવનું મહામુલુ સૌજન્ય આપનાર અને આ વર્ષે પણ પાંચમી વખત લગ્નોત્સવનુ સૌજન્ય સ્વીકારનાર શ્રી ગીજુભાઇ અમદાવાદ ખાતેના ભુમિપૂજન તથા લગ્નોત્સવના કાર્યક્રમમાં સન્માનિત થઇ રહ્યાં છે.



સંસ્થા દ્વારા આયોજીત ૨૮ માં સમુહ લગ્નોત્સવમાં જેમનુ મહત્વપૂર્ણ સૌજન્ય લગ્નોત્સવ માટે મળતુ રહે છે તેવા અપૂર્વ અવસરના ધારક શ્રી ગીજુભાઇ અમદાવાદ ખાતેના સમુહ લગ્નોત્સવ પછી કન્યા વિદાયવેળાએ પણ ઉપસ્થિત જોવા મળે છે.

RNI No. GUJGUJ/2002/14341
POST Reg. No. G/Sen/253/2024 TO 2026

વૃક્ષ

તંત્રી : મુક્તાબેન પી. ડગલી
સહતંત્રી : ગૌતમભાઈ ગોલ

માસીક પત્રિકા
VRAKSH

No. GUJGUJ 10276/06/1/2002 - TC
POST AT RMS SURENDRANAGAR

To, ______________________

______________________

______________________

______________________

PIN | | | | | |

સી. યુ. શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ
દાદા ભગવાનના મંદિર પાછળ, જલારામ પેટ્રોલ પંપ સામે, મુળી રોડ, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૨૦.
P. BOX No. 18 મો. ૮૭૫૮૯ ૭૧૮૬૩, ૭૬૯૮૭ ૪૩૦૯૩, ૭૦૯૬૬ ૦૯૯૧૫
www.pragnachakshu.com E-mail : pragnachakshu@gmail.com